ગાંધીનગર સમાચાર
તા. ૬-૧-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

અભિનય સમ્રાટની એક્ઝિટ

ગુજરાતી રંગભૂમિ અને સિનેસૃષ્ટિની દંતકથા સમા 'અભિનય સમ્રાટ' ઉપેન્દ્ર ત્રિવેદીના નિધનથી શબ્દના સાચા અર્થમાં એવડી મોટી ખોટ પડી છે કે જે પુરાતાં ઘણાં વર્ષો નીકળી જશે. નાટ્યક્ષેત્રે કલાનો કસબ બતાવનાર આ ઈડર પંથકના અભિનેતાએ ગુજરાતી ચલચિત્રોમાં રીતસરનો તહેલકો મચાવી દીધો હતો. જેસલ તોરલ, શેતલને કાંઠે કે પાતળી પરમાર જેવી ફિલ્મો ઉપરાંત એમણે 'સંતુ રંગીલી' અને 'ઝેર તો પીધાં જાણી જાણી' માં કરેલી ભૂમિકા યાદગાર રહેશે. કચકડાની દુનિયાના શહેનશાહની સાથે સ્નેહલતા જેવી પરભાષાની નાયિકા પર ગરવી ગુજરાતણ બની ગઈ હતી. અરુણા ઈરાનીએ એમની સાથે એક જ ફિલ્મ 'સંતુ રંગીલી' કરી હતી પરંતુ એને તેઓ એમની સિનેયાત્રાનું સીમાચિહ્ન ગણાવતાં રહે છે. ઉપેન્દ્ર મૂળે નાટકના જીવ. નાટકમાં એમણે ભાતભાતના પ્રયોગો કરીને ગુજરાતી રંગભૂમિના માથે લાગેલું મહેણું ભાંગવાનો પુરુષાર્થ કર્યો હતો. જે કોઈ પ્રોજેક્ટ હાથ પર લેતા એમાં તેઓ સાંગોપાંગ ઊંડા ઊતરી જતા. એથી એક તરફ એમણે ઝવેરચંદ મેઘાણીની નવલકથા 'વેવિશાળ' નું નાટ્યરૂપાંતર ભજવી બતાવ્યું તો બીજી તરફ જાતે જ લખેલું 'અભિનય સમ્રાટ' ફરતા - સરકતા રંગમંચની વિશિષ્ટ યોજના દ્વારા અનેક સ્થળોએ ભજવીને ગુજરાત દુષ્કાળ રાહત ફંડ એકઠું કરી આપી કલાકારનો સમાજ ધર્મ બજાવ્યો. પન્નાલાલ પટેલની પ્રશિષ્ટ નવલકથા 'માનવીની ભવાઈ' પરથી ફિલ્મ બનાવીને એમણે એક નવો વિક્રમ સ્થાપ્યો હતો. મૂળ નવલકથામાં નહોતી એવી નર્મદા યોજનાની સંકલ્પનાનો સંવિનેશ કરીને ઉપેન્દ્રભાઈએ વિવેચકોનો રોષ જરૂર વહોરી લીધો હતો પરંતુ એમનામાં ધબકતાં 'લોકનેતા' ને ગુજરાતની જીવાદોરી સમી નર્મદાનો કલાત્મક વિનિયોગ કરવાની તક સાંપડી હતી. ઉપેન્દ્ર ત્રિવેદી રાજકારણમાં પ્રવેશ્યા તે પછી પણ એમનો અભિનેતા અકબંધ રહી શક્યો, તે આપણા જાહેર જીવનની વિરલ ઘટના છે. બહુમુખી પ્રતિભા ધરાવતા આ અભિનેતા ગુજરાતના જાહેરજીવનની પણ દંતકથા બની રહ્યા હતા. કુકડીયા ગામ જે મતવિસ્તારમાં આવે છે તે એ વખતની ભિલોડાની વિધાનસભાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે બબ્બે વખત જવલંત વિજય હાંસલ કરીને એમણે ગુજરાતના રાજકીય ક્ષેત્રે ધમાકેદાર એન્ટ્રી તો મારી પરંતુ એમને રાજકારણીઓએ સત્તાકારણથી વેંત છેટા જ રાખવાનું વલણ અપનાવ્યું. ઉચ્ચાભિલાષી અભિનેતાએ ફિલ્મક્ષેત્રની સફળ કારકિર્દી અધવચ્ચે છોડીને વતનનો સાદ સાંભળી રાજકારણમાં સક્રિય ભૂમિકા નિભાવી. વતનનો 'અહાંગરો' એમને જંપીને બેસવા દેતો નહોતો, તેથી છેલ્લે સુધી એમણે ગુજરાતમાં જ રહેવાનું પસંદ કર્યું. ફક્ત મરવા પૂરતા જ મુંબઈ ગયા. એમના કાર્યકાળમાં ભિલોડા મતવિસ્તારમાં જે પાયાની માળખાકીય સુવિધાઓ સંદર્ભે વિકાસ કાર્યો થયાં છે, તેને તે વિસ્તારની પ્રજા આજે પણ યાદ કરે છે. પીવાના પાણી માટેની અને ઘરવિહોણા ગરીબો માટે વસવાટની યોજનાઓ કાર્યાન્વિત કરીને આ કચકડાનો 'વીર માંગડાવાળો' ભિલોડા પંથકની પ્રજા માટે 'વીર પાણીવાળો' બની રહ્યો હતો. દુષ્કાળનાં એ વર્ષો દરમિયાન ઉપેન્દ્ર ત્રિવેદીએ એ વનવાસી વિસ્તારમાં ઠેર ઠેર છાશની પરબો મંડાવી હતી. પરંતુ આટલું ઉત્કૃષ્ટ કામ કર્યા છતાં એમનો મોડે મોડે પણ મંત્રીમંડળમાં સમાવેશ થયો તે ફક્ત રાજ્યકક્ષાના મંત્રી તરીકે! કેવી વિડંબના કે ઉપેન્દ્ર ત્રિવેદી જેવા વરિષ્ઠ અભિનેતા નરહરિ અમીનના હાથ નીચે રાજ્યમંત્રીનો દરજ્જો ધરાવતા હતા! માધવસિંહ સોલંકીએ એમને ગુજરાત રાજ્ય ફિલ્મ વિકાસ નિગમના ચેરમેન બનાવ્યા હતા, તે સમયગાળામાં ઉપેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી ફિલ્મ નિર્માણક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. જો કે હિન્દી ચલચિત્રોની સ્પર્ધામાં ગુજરાતી ફિલ્મો ચાલી શકી નહીં અને ખુદ ઉપેન્દ્ર ત્રિવેદી પણ નિર્માતાઓની ફરમાઈશ મુજબ કાઠીયાવાડી લોકકથાઓની બહાર નીકળી શક્યા નહીં, એ ગુજરાતી ફિલ્મ જગતની કરૂણતા જ કહેવાય.ભિલોડા મતવિસ્તારમાં ચાલુ ચૂંટણી પ્રચારમાં હાર્ટ એટેક આવતાં એમને બાયપાસ સર્જરી માટે મદ્રાસ લઈ જવા પડ્યા હતા અને એ સમયે પણ ભાજપના આદિવાસી ઉમેદવાર ડૉ. અનિલ જોશિયારા વિજયી બન્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી બનવાનું સપનું લઈ મુંબઈથી વતનની વાટે પળેલા. આ મહત્ત્વાકાંક્ષી અભિનેતાએ જીવનનાં અંતિમ વર્ષો સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પસાર કરી એમનામાં ધબકતાં શાશ્વત કલાકારને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકારે પદ્મશ્રી પુરસ્કાર દ્વારા પોંખેલા આ અદના કલાકારમાં ગુજરાતના દિલીપકુમાર બની રહેવાની ગુંજાઈશ હતી. રજનીકુમાર પંડ્યા દ્વારા સંપાદિત આત્મકથા એમના જીવનનો નિખાલસ દસ્તાવેજ છે. નાદુરસ્ત તબિયત છતાં તેઓ મોરારિ બાપુ પ્રેરિત સાહિત્ય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અને સાહિત્ય પરિષદ જેવી સંસ્થાઓનાં કાર્યક્રમોમાં ઉમળકાભેર હાજરી પુરાવતા બલકે વક્તા તરીકે પૂરી સજ્જતા દાખવતા, તેની નોંધ લેવી પડે એમ છે. દિવંગત કલાકાર આત્માને પ્રભુ ચિરશાંતિ અર્પો.





અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની સોલૈયા ખાતે એનએસએસ શિબિર યોજાઈ

ગાંધીનગરના સે. ૨ ઉમાં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની સોલૈયા ખાતે સાત દિવસીય એનએસએસ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત સઘન ઝુંબેશ ચલાવી હતી. ગામના સરપંચ ભગુભાઈ ચૌધરી અને ૨૦૦૦ થી વધુ ગ્રામજનોને પ્રોગ્રામ ઓફિસર રણછોડભાઈ રથવીએ સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ ઉપરાંત આ શિબિરમાં વ્યસનમુક્તિ અંગે પણ પ્રેઝેન્ટેશન અને પ્રદર્શન આયોજિત કરાયા હતા. જેમાં ૨૭૯ લોકોએ વ્યસનમુક્તિનો સંકલ્પ લીધો હતો. આ શિબિરમાં કુપોષણ, મોબાઈલથી થતા ફાયદા-નુકશાન, પર્યાવરણ, ગ્લોબલ વોર્મીંગની અસરો, સરકારી યોજનાઓ વગેરે અંગે પ્રકાશ પડાયો હતો તેમજ શિબિરાર્થીઓ દ્વારા પ્રભાતફેરી, યોગાસન, પ્રાણાયામ, ધ્યાન અને બૌધિક સેશન દ્વારા વ્યક્તિત્વ વિકાસના ગુણો શીખવા પ્રયત્ન કર્યો હતો. આ શિબિરમાં સોલૈયા ગામમાં જે ઘરોમાં શૌચાલય નહોતા તેવા ઘરોમાં આ વ્યવસ્થા ઉભી કરાવવા માટે પણ ઝુંબેશ ચલાવાઈ હતી. આ શિબિરને સફળ બનાવવા માટે શિબિર મંત્રી ધ્રુવ પટેલ અને વૈશાલી પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

એલડીઆરપીના વિદ્યાર્થીઓનું રીસર્ચ પેપર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં રજુ થયું

આઈઆઈટી ખડગપુર ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં મિતાશું કંસારા અને જય ગોહિલનું રીસર્ચ પેપર રજુ થયું : કોન્ફરન્સમાં ગુજરાતની માત્ર બે કોલેજના પેપર પસંદગી પામ્યા હતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની એલડીઆરપી કોલેજની આઈટીઆરમાં મીકેનીકલ એન્જીનીયરીંગ શાખામાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ મિતાશું કંસારા અને જય ગોહિલે પશ્ચિમ બંગાળની આઈઆઈટી ખડગપુર ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પોતાનું રિસર્ચ પેપર રજુ કર્યું હતું. આ રિસર્ચ પેપર તેમણે પ્રોફેસર હિમાંશુ યાદવના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યું હતું.

તાજેતરમાં આઈઆઈટી ખડગપુર ખાતે યોજાયેલ 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન થી ઓરેટીકલ, અપ્લાઈડ, કમ્પ્યુટેશનલ એન્ડ એક્ષપરીમેન્ટલ મેકેનીકસ ૨૦૧૪' યોજાઈ હતી જેમાં ગુજરાતભરમાંથી માત્ર બે જ કોલેજ પસંદગી પામી હતી. આ બે કોલેજમાં એક સુરતની એસ.વી.એન. આઈ.ટી. અને બીજી ગાંધીનગરની એલડીઆરપી-આઈટીઆર હતી. આ કોન્ફરન્સમાં મીકેનીકસના ભીષ્મ પિતામહ તરીકે ઓળખાતા અને દુનિયામા ટોપ ૧૦૦ વૈજ્ઞાનિકોમાં જેમનું નામ છે તેવા જે.એન. રેડ્ડી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં કુલ ૨૮૭ રીચર્ચ પેપર રજૂ કરાયા હતા જેમાં એક ગાંધીનગરનું પણ હતું તે ગૌરવની નગર માટે વાત છે.

હરિની દૃષ્ટિ...

ભાઈ આ તમારા માટે જ છે... પરંતુ તમારે રીક્ષામાં નહીં ફરવાનું, દારૂ નહીં પીવાનો... કચરો તો જરાય નહીં ફેંકવાનો અને અમે જે પણ કહીએ તે માનવાનું... !!

બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સે-૨ ઉમાં આવેલ જે.બી. પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગાંધીનગર શહેર મહાનગર પાલિકા દ્વારા આયોજિત બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આ સ્પર્ધામાં વકતૃત્વ સ્પર્ધામાં ધ્યાન જે. પટેલ અને જીનલ જી. પટેલે અનુક્રમે અ અને બ વિભાગમાં, કુલદીપ એ. ડોડિયાએ એક પાત્રીય અભિનયમાં, મીત એસ. શાહે લોકવાદ્યમાં, દર્શન જી. પટેલે લોકગીત, જયદીપ બી. સોલંકીએ ભજનમાં, પાર્થ એસ, ગઢવીએ દોહા છંદ, ચોપાઈમાં, યશ કે. પટેલે લોકવાર્તામાં અને તેજસ જે. પટેલે ચિત્રકલા અ વિભાગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત દીક્ષીત એસ. પ્રજાપતિએ ચિત્રકલા-બ વિભાગમાં, મીત એસ. શાહ અને શુભ કે. પટેલે નિબંધ લેખનમાં અનુક્રમે અ અને બ વિભાગમાં તેમજ તીર્થ કે. દરજીએ સર્જનાત્મક કામગીરીમાં દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. આ શાળાના ગાયક વૃંદે સમૂહ ગીતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વૃંદમાં દર્શન પટેલ, જયદીપ સોલંકી, આર્યન રોય, મીત શાહ, દિપેશ લીંબાચીયા અને કિસી પારેખ એ ભાગ લીધો હતો.

એસ.જી. પ્રાથમિક શાળામાં ટેબલ મેનર્સ અંગે કાર્ય શિબિર યોજાઈ

ગાંધીનગરના સે-૨ ઉમાં આવેલ એસ.જી. ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં તાજેતરમાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે ટેબલ મેનર્સ અંગે કાર્યશિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ભૂલકાંઓને જમતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને તેમની નાની મોટી કુટેવોને દૂર કરવા પ્રયત્ન કરાયો હતો. આ શિબિર બાળકોએ ઉત્સાહપૂર્વક માણી હતી.

આર.જી. કન્યા શાળા દ્વારા જિલ્લા સ્કાઉટ રેલી યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની સ્કાઉટ ગાઈડ રેલી તા. ૩૦ અને ૩૧મી ડિસેમ્બરે બોરીજ ખાતે આવેલ વન સંશોધન કેન્દ્ર ખાતે યોજાઈ હતી. આ રેલીમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન અને જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ ઉપસ્થિત રહ્યા હતા.

આ જિલ્લા રેલીમાં અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. જેમાં છાવણી સજાવટ, કેમ્પ ફાયર, ગાંઠ સ્પર્ધા, અવલોકન સ્પર્ધા જેવી સ્પર્ધાઓમાં આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાની પૂજા આર. બોડા અને હિરલ એ. ચૌધરી સહિતની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત આ રેલીમાં ટ્રેકિંગ, વન્ય પશુ-પક્ષી, વનસ્પતિ વગેરે અંગે પ્રશ્નોત્તરી તેમજ ઈનામ વિતરણ સમારંભ પણ યોજાયો હતો. આર.જી. કન્યા શાળાના આચાર્યા સુધાબેન પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સાદરા ખાતેની ખેડૂત શિબિરમાં ગૌસંવર્ધન અને વનસંરક્ષણ અંગે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે આવેલ ગૂજરાત વિદ્યાપીઠના ગૌસંવર્ધન કેન્દ્રમાં વન વિભાગના સહયોગથી ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જાખોરા, ચંદ્રાલા, મોતીપુરા, સાદરા અને રાજપુર ગામના ૬૨ ખેડૂતોએ હાજરી આપી હતી. આ શિબિરમાં ખેડૂતોએ નિષ્ણાત વક્તાઓ સાથે પશુપાલન અને પર્યાવરણ વિષયે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયાએ સંસ્થા પરિચય કરાવ્યો હતો. મધુર ડેરીના નિવૃત્ત મેનેજર ડૉ. ડી.એસ. પટેલે નફાકારક પશુપાલન વ્યવસાયની ક્ષિતિજો વિશે અને નાયબ વન સંરક્ષક હેમંત સુથારે વન અને વન્યજીવોના સંરક્ષણમાં ખેડૂતોની ભૂમિકા અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કરતા ગૌસંવર્ધન કેન્દ્રના પ્રા. રમેશભાઈ પટેલે વાછરડાં ઉછેરમાં વૈજ્ઞાનિક અભિગમ વિશે ખેડૂતોને જાણકારી આપી હતી.

એકસ એમ.એલ.એ. કાઉન્સીલ દ્વારા સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૫

ગુજરાતી રંગભૂમિના અભિનય સમ્રાટ ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની વસમી વિદાયથી ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલે ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીએ આ સંસ્થાના વાઈસ ચેરમેન તરીકે તેમની બહુમૂલ્ય સેવાઓ પ્રદાન કરી હતી. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર હોવાની સાથે ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષપદે રહી ચૂકયા હતા તેમના અવસાનથી કાઉન્સિલન સક્રીય સભ્ય ગુમાવવાનો રંજ છે, પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તે માટે પ્રાર્થનાની ભાવના કાઉન્સિલે વ્યકત કરી છે.

સ્વચ્છતા અને સુવ્યવસ્થાનો નવલો સંકલ્પ

વિચારસભા
- નેહલ જયદીપ ગઢવી

કેલેન્ડરના પાના પર વર્ષ ૨૦૧૪ બદલાયું અને ૨૦૧૫નો આરંભ પણ થઇ ગયો. પરંતુ, જીવનની રોજીંદી ઘટમાળ તો એમ જ અવિતરપણે ચાલ્યા કરી. અલબત્ત, થોડાઘણાં ફેરફારો ચોક્કસ થયા હશે પણ સૌ પોત-પોતાના કાર્યોમાં રાબેતા મુજબ વ્યસ્ત બની ગયા ખરા! ખરેખર તો આપણે ઇશ્વર પાસે માત્ર એ જ યાચના કરીએ કે, 'અમે આપીએ, પણ તેનું મૂલ્ય ગણીને નહિ; ઝૂઝીએ, પણ જખ્મો ગણીએ નહી; પરિશ્રમ કરીએ, પણ કશો બદલો માંગીએ નહિ.' સંસારના આ તમામ કાર્યોને આપણે સૌ ઇશ્વરની આજ્ઞાનું પાલન સમજીને જ કર્યા કરીએ. જાન્યુઆરી મહિનો એટલે વર્ષનો આરંભ. અને વર્ષના આરંભે આપણે માત્ર થોડુંક મનોમંથન કરીએ અને જાતને ઢંઢોલીએ તો જાત સાથેના કમિટમનેટ ઉપરાંત સમાજ અને સોસાયટી પ્રત્યેની ફરજોને પણ સમજી શકીશું અને એ બાબતે જાગૃત પણ થઇશું જ! આપણે ફોરેન ટ્રીપ કરી આવીએ ત્યારે બહારના દેશોની સ્વયંશિસ્ત પદ્ધતિથી અંજાઇ જઇએ છીએ અને આપણા દેશની સિસ્ટમને વખોડીએ છીએ. પરંતુ, એ જ બાબત માટેની જાગૃતતા અહીં લાવવાની પહેલ કરીએ તો આજે નહિ તો કાલે પરિણામ ચોક્કસ દેખાશે જ! કવિશ્રી ઉશનસ્ લખે છે તેમ,

"કો'ક જણે તો કરવું પડશે, ભાઇ!
એક જણે તો કરવું પડશે, ભાઇ!
કશુંયે ના કરવાની કેવી તામસ આ હરિફાઇ! -
આ આવું ને આવું દુર્ભગ
રહેવા ના સર્જાયું છે જગ :
કો'ક જણે તો અમૃતદેશો દોરવું પડશે સ્હાઇ;
કો'ક જણે તો નિમિત્તે કેરી રળવી ભાગ્યકમાઇ - કો'ક..."

સ્વચ્છતા અભિયાનની ઝુંબેશ સમગ્ર ભારતભરમાં ચલાવવામાં આવી રહી છે ત્યારે સંપૂર્ણપણે નૈતિક સ્તરે દરેક વ્યક્તિએ આ બાબતની ખાસ કાળજી અને ચીવટ રાખવી ઘટે અને તો જ આ અભિયાનને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઇ શકે. શરૂઆત આપણા ઘર, ઓફિસ, શાળા, કોલેજથી કરીને ગલી-મહોલ્લા અને શહેર સુધીના તમામ, સ્થળોએ સભાનતાપૂર્વક ગંદકી ન કરવાથી કરીએ તો જ તેની સામૂહિક અસરો જોઇ શકાશે! તમે કોઇ મકાનમાં જાવ અને ત્યાં જો બધું ફર્નિચર તેમ જ નાની મોટી શોભાની ચીજો આડીઅવળી, ખૂણેખાંચરે પડેલી દેખાય, એમના પર ધૂળના થર જામી ગયેલા દેખાય, તો તમે બોલી ઊઠશો કે, 'અરે, આ તે કેટલી બધી અવ્યવસ્થા, કેટલી બધી અસ્વચ્છતા!' કેમ કે અસ્વચ્છતાને કારણે અવ્યવસ્થા જોવા મળે છે. જગતમાં ધૂળને માટે પણ સ્થાન છે જ, પણ એ સ્થાન તે ફર્નિચર ઉપર તો નહિ જ. ખાસ કરીને, વડીલોની સ્વચ્છતા અને સુવ્યવસ્થાના આગ્રહની અસર બાળકોમાં જોવા મળશે અને તેઓનએ આ બાબતનું મહત્ત્વ નાનપણથી જ સમજાશે તો તેની અસર આજીવન તેમની જીવનશૈલીમાં વણાઇ જશે. બાળકો પણ એ વાતને સમજી શકશે કે પ્રત્યેક વસ્તુ પોતાના સ્થાન પર જ હોય ત્યારે જ બધું સુઘડ અને સ્વચ્છ લાગશે. અને એ માટે તેઓ સ્કૂલ માટેની બુક્સ, કપડાં, તેમનાં રમકડાં - એ બધું બરાબર સ્થાન પર મૂકશે. તેઓ સમજી જશે કે હવે તેમનાં રૂમમાં સર્જાતું નાનકડું કુરુક્ષેત્ર નથી જોવા મળતું, પુસ્તકો ફાટી નથી જતાં અને કપડાં પણ મેલાં નથી લાગતા. પહેલાં એ બધા શંભુમેળામાંથી તેમને જોઇતી વસ્તુ શોધવામાં ખૂબ મુશ્કેલી થતી અને બધું વ્યવસ્થિત કરતાં ખાસ્સો સમય પણ લાગતો અને તેઓ હેરાન - પરેશાન થઇ જતા. પણ સ્વચ્છતા અને સુવ્યવસ્થાની સુટેવને કારણે હવે તેમને સહેલાઇથી તેમની વસ્તુઓ મળી આવે છે.

આમ તો આપણું આ આખુંયે મનુષ્યજીવન, આપણી તમામ પ્રવૃત્તિઓ, કોઇ પણ દેશની સંપત્તિ અને સમૃદ્ધિએ બધાંનો આધાર સ્વચ્છતા અને સ્વચ્છતાને કારણે જળવાતી સુવ્યવસ્થાના તત્ત્વ પર જ રહેલો છે. એટલે જ દેશની સરકારનું એક મુખ્ય કામ તે દેશની અંદર આ પ્રકારની સુવ્યવસ્થા જાળવી રાખવી એ રહેતું હોય છે. એક પ્રમુખ કે પ્રધાનમંત્રીથી માંડીને નાનામાં નાના માણસ સુધી દરેક જણે પોતાનું આ કામ ઉત્તમ રીતે અદા કરવાનું રહે છે. અને સાથે સાથે દેશના નાગરિકોએ પણ પોતાપોતાની રીતે આ સ્વચ્છતા અને સુવ્યવસ્થા જાળવવાના કાર્યમાં પોતાનો ફાળો આપવાનો છે. આ રીતે જ દરેક વ્યક્તિ પોતાના દેશને સ્વચ્છ અને સમૃદ્ધ તથા સુવ્યવસ્થિત બનાવવામાં મદદ કરી શકે છે. કેટલીકવાર શરૂ શરૂમાં આપણને સ્વચ્છતા જાળવવાનું અને વ્યવસ્થિત બનવાનું કામ મુશ્કેલ લાગે છે. પણ આ વિશ્વમાં કોઇ પણ વસ્તુ વિના પ્રયત્ને મળવી અસંભવ જ છે. જેમ તરવું કે હલેસાં મારવાં, એ કામ સહેલું નથી; પણ ધીરે ધીરે આપણને આવડી જાય છે. અને પછી તો આપણે તેનાથી એટલા ટેવાઇ જઇશું કે જયારે કોઇ પણ પ્રકારની અસ્વચ્છતા કે અવ્યવસ્થા જોઇએ ત્યારે આપણને વધુને વધુ દુઃખ અને અકળામણ અનુભવાશે.

આમ સમય જતાં છેવટે સ્વચ્છતા જાળવવી અને વ્યવસ્થિત રીતે કામ કરવું એ આપણા સૌને માટે એક ટેવરૂપ બની જશે. વિનોભા ભાવે લખે છે તેમ, 'આપણા તો સમાજ-શરીરમાં કાંટાની પેઠે ઘૂસી જવાનું છે. કાં તો શરીર કાંટાને ફેંકી દે છે, કાં એ શરીરને સતત ભોંકાય જ કરે છે. તે જ રીતે આપણે કુશાગ્ર બુદ્ધિથી સમાજશરીરમાં પેસી જવાનું છે. આપણો વિચાર સમાજને ભોંકાવો જોઇએ. વિચાર જો પરોણીની જેમ જ ભોંકાય તો સમજવું જોઇએ કે આપણે જે વિચાર રજૂ કર્યો તેનાથી સમાજનું ગાડું આગળ વધે તેમ નથી, એ સમાજને 'જૈસે થે' રાખનારો છે.'

આપણે હંમેશા વડીલોને કહેતા સાંભળ્યા છે કે, 'સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા' અને આ અનુસાર ઇશ્વરનો વાસ હોય તે સ્થળોએ સ્વચ્છતા વિશેષરૂપે અનિવાર્ય છે. પરંતુ, કમનસીબે આપણે ત્યાં ધાર્મિક સ્થળોએ અસ્વચ્છતા અને ગંદકીનું પ્રમાણ અત્યંત વધુ હોય છે અને શ્રદ્ધા અને ભક્તિના નામે આપણે તેમાં ઉત્તરોત્તર વધારો કર્યા જ કરીએ છીએ! આ બાબત આપણા સૌએ વિચારવા લાયક અને સમજવા યોગ્ય છે. આપણા ધાર્મિક સ્થળોને ગંદકીમુક્ત કરવાનું કામ એક ઝુંબેશની જેમ જયાં સુધી સમગ્ર સમાજ દ્વારા નહીં આરંભાય ત્યાં સુધી ઇશ્વર મંદિરના દ્વાર સુધી પહોચી શકશે જ નહી. અને આ ઝુંબેશમાં ધર્મગુરુઓ અને પૂજારીઓનો સહકાર પણ મળે તો તેના ધાર્યા પરિણામ પણ ચોક્કસ મળી શકે. આપણે 'કાનજી વિરુદ્ધ કાનજી', 'ઓ માય ગોડ' અને 'પીકે' જેવી ફિલ્મો અને નાટકો જોઇએ, વખાણીએ પણ ખરા પરંતુ વાસ્તવિક જીવનમાં તેને અપનાવી તેનો અમલ કરવાની શરૂઆત કેમ ન કરીએ? ધર્મ કે ધર્મ સાથે સંકળાયેલી ધાર્મિક માન્યતાઓ દૂર ભલે ન કરીએ પણ એકમાત્ર સ્વચ્છતાનો ખ્યાલ તો ચોક્કસ રાખીએ! ઇશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિને સુંદર રાખવાની ફરજ તો આપણા સૌની છે. આપણી આ ફરજ સભાનપણે નીભાવીને આપણે કદાચ ઇશ્વરને વધુ નજીક પામી શકીશું! તો આવો, નવા વર્ષના નવલા આરંભે આ નવતર વિચારને સૌ સાથે મળીને અપનાવીએ અને તેનો અમલ પણ ભરજીયાત પણે કરીએ!